1926-01 -A G Pandit on Appointment of Ramji Kaka at Pirana (1201)

અમદાવાદ તા. -૧-૧૯૨૬

પટેલ વિગેરે રૂ. ગામના સતપંથી ભાઈઓ જોગ અમદાવાદથી લી. એ. જી. પંડીતના રામ રામ વાંચજો. આ કાગલ લખવાની મતલબ નીચે પ્રમાણે છેઃ —

૧. કાકા સાહેબ લક્ષ્મણ કરમસી દેવલોક પામ્યા બાદ ગયા ડીસેંબર મહીનામાં એટલે પોસ સુદ ૨ ના રોજ સતપંથી ધર્મનો સંઘ પીરાણે ભેગો થયો હતો તે સંઘે કાકા રામજી લક્ષ્મણને પીરાણાની ગાદીએ બેસાડયા હતા ગાદીએ બેસાડતી વખતે તેમની સાથે સંઘે ચોખી સરત કરેલી કે સૈયદોને ગાદીવાલાએ કોઈ પણ પ્રકારનું લખાણ કરી આપવું નહી, અને પીરાણાની તથા સતપંથની સંસ્થા જેમ ચાલે છે તેમજ ચાલવા દેવી અ[illegible] પ્રયત્ને ધર્માદાનો વધારો કરી સંસ્થાને દીપાવવી. આવા પ્રકારની સરતો કરવાની મુખ્ય મતલબ એવી હતી કે સંઘને માલુમ પડેલું કે રામજી કાકાએ સૈયદોને કાંઇ લેખ કરી આપેલો છે અને તે બાબત સંઘે વાંધો ઊઠાવતાં રામજી કાકાએ કરી આપેલો લેખ સાદા કાગલ ઊપરજ છે એમ કહી સેવકોનાં ઊશકેરાએલાં મન સમાધાન કરવા તે સૈયદોએ ફાડી નાંખેલો અને સૈયદો તથા રામજી કાકાએ સંઘ સમક્ષ સોગન ખાધેલા કે બીજો કોઇ લેખ કરી આપેલો નથી અને હવે પછી કોઇ પણ પ્રકારનો લેખ કરવામાં આવશે નહી. આવી ખાત્રી બંન્નેએ આપવાથી રામજી કાકાને ગાદીએ બેસાડેલા. ઊપરની હકીકત હોવા છતાં તા. ૧૭–૧૨–૨૫ ના રોજ એટલે ગાદીએ બેસાડયા તેજ દીવસે રામજી કાકાએ સાથે મોકલેલી નકલ પ્રમાણેના સ્ટેમ્પના રૂ. ૧૫) ના કાગલ ઉપર દસ્તાવેજ લખી આપી તેને તા. ૭ જાનેવારી સને ૧૯૨૬ ના રોજ મુમના ગુલામહુસેનના ઘરમાં રજીષ્ટર કરી આપ્યો છે અને દસ્તાવેજ લખી લેનાર સૈયદો તથા ગાદીવાલા રામજી કાકાએ સતપંથી ધર્મના આખા સંઘનો વિશ્વાસઘાત કર્યો છે.

૨. સતપંથ ધર્મના લોકોની મુસ્કેલીઓ પૈકી મુખ્ય મુસ્કલીઓ એવી છે કે તે ધર્મની સ્થાપના કરનાર મુળ પુરુષ મુસલમાન હતા તેથી સ્વભાવીક રીતે હર કોઈની કલ્પના એવી થાય કે મુસલમાન ગુરૂએ સ્થાપેલા પંથના અનુયાયી મુસલમાન હોઇ શકે, આવી લોકોની સ્વભાવીક સમજને ઊત્તેજન આપી તે સમજ દ્દઢ કરવા સૈયદો તરફથી ઘણા પ્રયત્નો થયાનું મારી જાણમાં છે, અને મહૂર્મ કાકા સાહેબ લક્ષ્મણ કરમસીની વખતે આ બાબતમાં દાવા વિગેરે થઇ છેવટે સૈયદોએ દાવો પાછો ખેંચી લીધેલો, અને આવી રીતના [illegible]નો ન કરવાની સૈયદોની કબુલાતે મારી સલાહથી મહૂર્મ કાકા લક્ષ્મણ કરમસીએ સૈયદોને રીવાજ મુજબ ધર્માદા રકમો આપેલ[illegible]

૩. સને ૧૯૧૯ ની સાલમાં મહૂર્મ કાકા સાહેબ લક્ષ્મણ કરમસી કેટલીક મુષ્કેલીઓમાં આવેલા હોવાથી તેમણે મારી સલાહ તથા આશ્રય માંગેલો તે પોતે ધર્મીષ્ટ, ભોળા નિસ્વાર્થી હોવા છતાં કેટલાક સ્વાર્થી અને લુચ્ચા લોકોની સલાહથી વેપાર વગેરે કરી ભોળાભાવે ફસાએલા પરંતુ ઇશ્વરકૃપાએ તેમાંથી તે પાર પડવાથી તેમનો મારા ઉપર અચુહદ વિશ્વાસ બેઠેલો હોવાથી દરેક બાબતમાં મારી સલાહ લેતા, અને તેમની છેવટની માંદગી વખતે તેમણે મારી પાસેથી વચન લીધેલું કે દૈવ યોગે તેમનો દેહ પડેતો સંસ્થાને મદદ કરવી અને સૈયદો ભોળા અને ધાર્મીક સેવકો અને સાધુઓને ફોસલાવી કોઇ રીતે પોતાનો સ્વાર્થ સાધી ન જાય એવી તજવીજ કરવી અને મેં તે પ્રમાણે તેમને વચન આપેલું છે અને તેથીજ મારે આ ખટપટમાં પડવાની જરૂર છે.

૪. સાથે મોકલેલા દસ્તાવેજ ઊપરાંત એક પાંચ રૂપીઆના સ્ટેમ્પના કાગલ ઉપર પુંજામીયાં હુસેનમીયાંએ સૈયદો તરફથી એક દસ્તાવેજ કરી આપેલો છે એમ સાંભળ્યું છે તે મને જોવા મલ્યો નથી એટલે નકલ મોકલી શકયો નથી.

૫. સાથેનો દસ્તાવેજ દેખીતો સાદો દેખાય પરંતુ તે કેટલી બધી સ્વાર્થ બુદ્ધીએ લખાએલો છે તે તમામ સતપંથીઓની સમજમાં આવે તેટલા સારૂ તે બાબત ખુલાસો કરવાની જરૂર છે.

આ દસ્તાવેજની તારીએજ રામજી કાકાને ગાદીએ બેસાડેલા એમ દસ્તાવેજની નકલ ઉપરથી જણાય છે એટલે ગાદીએ બેસતા પહેલાં સ્ટેમ્પનો કાગલ લાવી દસ્તાવેજ તૈયાર કરાવેલો હોવો જોઇએ તેમ છતાં સૈયદોએ તથા રામજી કાકાએ સાદા કાગલનું લખાણ સેવકો રૂબરૂ ફાડી નાંખ્યું અને સોગન ખાધેલા તેવા તેમ કરી પોતાના ગુરૂને અને સતપંથી સંઘને બંનેએ છેતર્યા છે અને હવે પછી સંઘ બંન્નેનો વિશ્વાસ ન કરે તો સંઘનો દોષ નથી.

આ દસ્તાવેજ લખાવી લેનાર જે જે સૈયદોનાં નામ લખેલાં છે તે બધા સૈયદોની સંમતી અથવા સલાહથી આ દસ્તાવેજ લખાએલો હોય એમ લાગતું નથી કારણ તે પૈકી કેટલાક અમને મળેલા અને તેમને પુછતાં તેમણે આ બાબતમાં વિરૂદ્ધતા દર્શાવેલી.

આ દસ્તાવેજમાં તે લખી લેનાર તથા લખી આપનારના નામ પછી જે હકીકત લખવામાં આવી છે તે ખોટી છે એટલે કે રામજી કાકાને સૈયદોએ મુજાવર નીમેલા છે તે વાત ખોટી છે છતાં તે રામજી કાકા પાસે કબુલ કરાવી છે. ખરી હકીકત એવી છે કે રામજી કાકાને સંઘે ગાદીના અધીકારી નીમ્યા છે.

અમદાવાદ તા. -૧-૧૯૨૬

પટેલ વિગેરે ૨. ગામના સતપંથી ધર્મીઓ જોગ અમદાવાદથી લી. એ. જી. પંડીતના રામ રામ વાંચજો. આ કાગલ લખવાની મતલબ નીચે પ્રમાણે છે: —

૧. કાકા સાહેબ લક્ષ્મણ કરમસી દેવલોક પામ્યા બાદ ગયા ડીસેંબર મહીનામાં એટલે પોસ સુદ ૨ ના રોજ સતપંથી ધર્મનો સંઘ પીરાણે ભેગો થયો હતો તે સંઘે કાકા રામજી લક્ષ્મણને પીરાણાની ગાદીએ બેસાડયા હતા ગાદીએ બેસાડતી વખતે તેમની સાથે સંઘે ચોખી સરત કરેલી કે સૈયદોને ગાદીવાલાએ કોઇ પણ પ્રકારનું લખાણ કરી આપ[illegible] નહી, અને પીરાણાની તથા સતપંથ ધર્મની સંસ્થા જેમ ચાલે છે તેમજ ચાલવા દેવી અ[illegible] પ્રયત્ને ધર્માદાનો વધારો કરી સંસ્થાને દીપાવવી. આવા પ્રકારની સરતો કરવાની મુખ્ય મતલબ એવી હતી કે સંઘને માલુમ પડેલું કે રામજી કાકાએ સૈયદોને કાંઇ લેખ કરી આપેલો છે અને તે બાબત સંઘે વાંધો ઊઠાવતાં રામજી કાકાએ કરી આપેલો લેખ સાદા કાગલ ઊપરજ છે એમ કહી સેવકોનાં ઊશકેરાએલાં મન સમાધાન કરવા તે સૈયદોએ ફાડી નાંખેલો અને સૈયદો તથા રામજી કાકાએ સંઘ સમક્ષ સોગન ખાધેલા કે બીજો કોઇ લેખ કરી આપેલો નથી અને હવે પછી કોઇ પણ પ્રકારનો લેખ કરવામાં આવશે નહી. આવી ખાત્રી બંન્નેએ આપવાથી રામજી કાકાને ગાદીએ બેસાડેલા. ઊપરની હકીકત હોવા છતાં તા. ૧૭-૧૨-૨૫ ના રોજ એટલે ગાદીએ બેસાડયા તેજ દીવસે રામજી કાકાએ સાથે મોકલેલી નકલ પ્રમાણેના સ્ટેમ્પના રૂ. ૧૫) ના કાગલ ઉપર દસ્તાવેજ લખી આપી તેને તા. ૭ જાનેવારી સને ૧૯૨૬ ના રોજ મુમના ગુલામહુસેનના ઘરમાં રજીષ્ટર કરી આપ્યો છે અને દસ્તાવેજ લખી લેનાર સૈયદો તથા ગાદીવાલા રામજી કાકાએ સતપંથી ધર્મના આખા સંઘનો વિશ્વાસઘાત કર્યો છે.

૨. સતપંથ ધર્મના લોકોની મુસ્કેલીઓ પૈકી મુખ્ય મુસ્કલીઓ એવી છે કે તે ધર્મની સ્થાપના કરનાર મુળ પુરુષ મુસલમાન હતા તેથી સ્વભાવીક રીતે હર કોઇની કલ્પના એવી થાય કે મુસલમાન ગુરૂએ સ્થાપેલા પંથના અનુયાયી મુસલમાન હોઇ શકે, આવી લોકોની સ્વભાવીક સમજને ઊત્તેજન આપી તે સમજ દ્રઢ કરવા સૈયદો તરફથી ઘણા પ્રયત્નો થયાનું મારી જાણમાં છે, અને મર્હૂમ કાકા સાહેબ લક્ષ્મણ કરમસીની વખતે આ બાબતમાં દાવા વિગેરે થઇ છેવટે સૈયદોએ દાવો પાછો ખેંચી લીધેલો, અને આવી રીતના [illegible]નો ન કરવાની સૈયદોની કબુલાતે મારી સલાહથી મર્હૂમ કાકા લક્ષ્મણ કરમસીએ સૈયદોને રીવાજ મુજબ ધર્માદા રકમો આપેલ.

૩. સને ૧૯૧૯ ની સાલમાં મર્હૂમ કાકા સાહેબ લક્ષ્મણ કરમસી કેટલીક મુષ્કેલીઓમાં આવેલા હોવાથી તેમણે મારી સલાહ તથા આશ્રય માંગેલો તે પોતે ધર્મીષ્ટ, ભોળા નિસ્વાર્થી હોવા છતાં કેટલાક સ્વાર્થી અને લુચ્ચા લોકોની સલાહથી વેપાર વગેરે કરી ભોળાભાવે ફસાએલા પરંતુ ઇશ્વરકૃપાએ તેમાંથી તે પાર પડવાથી તેમનો મારા ઉપર અચુહદ વિશ્વાસ બેઠેલો હોવાથી દરેક બાબતમાં મારી સલાહ લેતા, અને તેમની છેવટની માંદગી વખતે તેમણે મારી પાસેથી વચન લીધેલું કે દૈવ યોગે તેમનો દેહ પડેતો સંસ્થાને મદદ કરવી અને સૈયદો ભોળા અને ધાર્મીક સેવકો અને સાધુઓને ફોસલાવી કોઇ રીતે પોતાનો સ્વાર્થ સાધી ન જાય એવી તજવીજ કરવી અને મ્હેં તે પ્રમાણે તેમને વચન આપેલું છે અને તેથીજ મારે આ ખટપટમાં પડવાની જરૂર છે.

૪. સાથે મોકલેલા દસ્તાવેજ ઊપરાંત એક પાંચ રૂપીઆના સ્ટેમ્પના કાગલ ઉપર પુંજામીયાં હુસેનમીયાંએ સૈયદો તરફથી એક દસ્તાવેજ કરી આપેલો છે એમ સાંભળ્યું છે તે મને જોવા મલ્યો નથી એટલે નકલ મોકલી શકયો નથી.

૫. સાથેનો દસ્તાવેજ દેખીતો સાદો દેખાય પરંતુ તે કેટલી બધી સ્વાર્થ બુદ્ધીએ લખાએલો છે તે તમામ સતપંથીઓની સમજમાં આવે તેટલા સારૂ તે બાબત ખુલાસો કરવાની જરૂર છે.

આ દસ્તાવેજની તારીખેજ રામજી કાકાને ગાદીએ બેસાડેલા એમ દસ્તાવેજની નકલ ઉપરથી જણાય છે એટલે ગાદીએ બેસતા પહેલાં સ્ટેમ્પનો કાગલ લાવી દસ્તાવેજ તૈયાર કરાવેલો હોવો જોઇએ તેમ છતાં સૈયદોએ તથા રામજી કાકાએ સાદા કાગલનું લખાણ સેવકો રુબરૂ ફાડી નાંખ્યું અને સોગન ખાધેલા તેવા તેમ કરી પોતાના ગુરૂને અને સતપંથી સંઘને બંનેએ છેતર્યા છે અને હવે પછી સંઘ બંન્નેનો વિશ્વાસ ન કરે તો સંઘનો દોષ નથી.

આ દસ્તાવેજ લખાવી લેનાર જે જે સૈયદોનાં નામ લખેલાં છે તે બધા સૈયદોની સંમતી અથવા સલાહથી આ દસ્તાવેજ લખાએલો હોય એમ લાગતું નથી કારણ તે પૈકી કેટલાક અમને મળેલા અને તેમને પુછતાં તેમણે આ બાબતમાં વિરૂદ્ધતા દર્શાવેલી.

આ દસ્તાવેજમાં તે લખી લેનાર તથા લખી આપનારના નામ પછી જે હકીકત લખવામાં આવી છે તે ખોટી છે એટલે કે રામજી કાકાને સૈયદોએ મુજાવર નીમેલા છે તે વાત ખોટી છે છતાં તે રામજી કાકા પાસે કબુલ કરાવી છે. ખરી હકીકત એવી છે કે રામજી કાકાને સંઘે ગાદીના અધીકારી નીમ્યા છે.

પહેલી કલમમાં સેવકો તરફથી જે જે રકમો આવે તે લેવાને કાકા રામજીને સત્તા છે પણ તે તમામનો હીસાબ સૈયદોને બતાવવાની ફરજ કબુલ કરાવી રામજી કાકા તેમના તાબેદાર હોય એમ દર્શાવ્યું છે.

કલમ બેમાં જણાવવામાં આવે છે કે જે નાણું સૈયદોને અપાય છે તે ધર્માદા નહી પણ સૈયદોના ગુજરાનના હક તરીકે અપાય છે અને સંસ્થાનું ગમે તે થાય તોપણ તેમનાં નાણાં આપવા ગાદીવાલો અને સૈયદોના મત પ્રમાણે મુજાવર બંધાએલો છે.

કમલ ત્રણમાં ગાદીવાલાને વહીવટ કરવા છુટ આપી છે ખરી પણ તેમાં તે જો સૈયદોની સલાહ અને સમંતી વગર કાંઈ કરે તો તેનું જોખમ ગાદીવાલાને માથે છે એટલે જે ખર્ચની મંજુરી સૈયદો ન આપે તે ખર્ચનાં નાણું રામ... ...તેતે જોડે.

ચોથી અને છેલ્લી કલમમાં ર... ...યું છે કે સયદોને રાજી રાખી દરેક વહીવટ તથા વર્તણુક ગાદીવાલો ન રાખે તો તેને ગાદીએથી ઉઠાડી મુકવાની સત્તા સૈયદોનેજ છે.

આ દસ્તાવેજનો ટુંકામાં અર્થ એટલોજ છે કે કોઇ માલીક પોતાની માલકી કબજા તથા ભોગવટાની મીલકતનો વહીવટ કરવા કોઇ માણસ નીમે તેમ સૈયદો માલીક કબજેદાર તથા સંસ્થાની મીલકતના ભોગવનારા હોઇ તે રામજી કાકાને વહીવટદાર નીમે છે, એટલે સંઘના લોકો તો માત્ર નાણાં આપવા બંધાયેલા હોઇ સંસ્થાના વહીવટમાં કોઇ પણ પ્રકારની દરમીયાનગીરી કરવા મુખ્તીયાર નથી અથવા તો સંઘના લોકોનો કોઇ રીતે સૈયદને અથવા રામજીકાકાને હીસાબ નથી.

હવે આ દસ્તાવેજ થવાથી સૈયદોએ જે દાવો કરી દાદ માંગેલી અને જે બાબતની મર્હૂમ કાકાએ સંઘની સંમતીથી વિરૂદ્ધતા કરેલી તે તમામ દાદ તથા હકો રામજી કાકાએ પોતે પોતાની સ્વતંત્ર મુનસફીથી સંઘની ઇચ્છા વીરૂદ્ધ સૈયદોને સોંપી દીધા છે અને પોતે સૈયદોના વહીવટદાર નીમાયા છે. મારા ધારવા પ્રમાણે આવી વ્યવસ્થા સંઘ કોઇ દીવસ કબુલ કરે નહી.

૬. સાથે મોકલેલો દસ્તાવેજ રામજીકાકાએ પોતાની રાજી ખુશીથી લખી આપેલો જણાતો નથી કારણ કે રજીષ્ટાર સાહેબના નોંધણીના સેરા ઉપરથી જણાય છે કે રામજી કાકાને સૈયદો પૈકી કેટલાકે ગુલામહુસેન મુમનાના ઘરમાં લેઇ જઇ તેની પાસેથી આ દસ્તાવેજ રજીષ્ટર કરાવી લીધો છે અને શાખો કરનાર પણ સૈયદોના પક્ષનાજ મુમના છે તેમ ના હોતતો રજીષ્ટરની કચેરીમાં અથવા સંસ્થાના અમદાવાદના ડહેલામાં રજીષ્ટર કરાવવામાં કોઇ જાતનો વાંધો હોઇ શકે નહી અને શાખો (સાક્ષીઓ) પણ કોઇ સેવકોની અગર રામજીકાકાના સંબંધ ધ...નારની થએલી હોત.

૭ આ દસ્તાવેજથી આખી સંસ્થાને અને સંઘના મોભાને, આબરૂને તથા તેના હીતને નુકશાન થયા વગર રહે નહીં એ ગમે તે સમજી શકે છે અને તે જાલવવા મારી સમજ પ્રમાણે નીચેના ઉપાયો લઇ શકાય તેમ છે.

अ રામજી કાકા જો એમ કહે કે તેમની ઇચ્છા વિરૂદ્ધ આ દસ્તાવેજ લખાવી લીધો છે તો તેમને ગાદીનું રાજીનામું આપી આ દસ્તાવેજ રદ કરવો.

ब સૈયદોએ દસ્તાવેજ લખાવી લીધો છે તે લોકોજ દસ્તાવેજની પુંઠે (પાછલ) લખી આપે કે આ દસ્તાવેજ રાજી ખુશીથી રદ બાતલ કરવામાં આવ્યો છે.

क અથવા છેલ્લો ઉપાય સંઘ અત્રે આવી રામજી કાકાને આ દસ્તાવેજ કરી આપવાના કારણુસર ગાદીએથી ઉઠાડી બીજા કોઇને બેસાડે, ને તે નવા માણસને બેસાડતાં એવો લેખ કરી લે કે સંઘની સંમતી સીવાય સૈયદોને કોઇ પણ પ્રકારનો તે લેખ કરી આપે નહી, અને કરી આપે તો તે તમામ રદ બાતલ છે.

રામજી કાકાને રાજીનામું આપવા સુચવતાં તે તેમ કરવા તૈયાર નથી અને સૈયદો તો આ દસ્તાવેજ રદ કરે એ બને તેમ ન હોવાથી ઉપાય માત્ર છેલ્લો સંઘનેજ લેવાનો રહે છે અને તે ઉપાય લઇ બીજા કોઇને ગાદીએ બેસાડવાની તજવીત થતાં દરમીયાન દરેક નાણાં સંબંધી સંસ્થાને સંઘ તરફથી થતી મદદ તથા ઉત્તેજન રોકી રાખવાં જોઇએ.

આ બાબતમાં આટલી બધી માથાકોડ કરવાનું મુખ્ય કારણ મ્હેં કાગલની કલમ ૩ માં જણાવ્યું છે પરંતુ આ તકરારમાં પડતાં મ્હારી સ્થીતી ઘણી ...ડી થાય તેમ છે કારણ કે હું નથી શતપંથી ધર્મનો કે નથી કોઇ તરફથી આ કામ કરવા નીમાએલો, કે નથી મ્હારો આ બાબતમાં કોઈ પ્રકારનો સ્વાર્થ તો પછી મ્હારે ફક્ત એક મર્હૂમ લક્ષમણ કાકાને આપેલા વચનને આધારે કરવાની ફરજ આ કાગલથીજ પુરી થએલી સમજી આ બાંજગડીઆ તકરારમાંથી નીકળી જવુંજ વ્યાજબી છે, પરંતુ જો આખો સંઘ મ્હને આ તકરારનો નીવેડો લાવવાનું સોંપી મ્હને જોયતી સત્તા આપવા ખુશી હોય તો હું મ્હારાથી બનતું કરીશ.

માટે આ કાગલ તમારી તરફના સંઘને વંચાવી તે લોકો બધા આ બાબતમાં શું કરવા ઇચ્છો છો તે મને તાકીદે જણાવજો એટલે આગળ શું કરવું તે નકી કરી તમને ફરીથી કાગળ લખીશું તા. સદર

લી. સેવક

એ. જી. પંડીતના સલામ વાંચજો.

નિર્મળ પ્રિ. પ્રેસ, પીરમશા રોડ, અમદાવાદ.